પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૮૦, કુલ પાના:૪, તારીખ: ૨૬-૧૧-૨૦૨૦ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 80 PRICE :-RS. 1.50 DATE : 26-11-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

બેન્કના ગ્રાહકો અને કર્મચારીઓના હિતમાં નિર્ણય લેવાયો: પ્રકાશ જાવડેકર

લક્ષ્મી વિલાસ બેન્કના DBS બેન્કમાં વિલિનીકરણને મોદી કેબિનેટની મંજૂરી

ન્યુ દિલ્હી, કેન્દ્રીય મંત્રીમંડળે સંકટગ્રસ્ત લક્ષ્મી વિલાસ બેંકના DBS બેંક ઓફ ઈન્ડિયા લિમિટેડ (DBIL)માં વિલય પ્રસ્તાવ પર મહોર મારી દીધી છે. બુધવારે યોજાયેલી કેબિનેટની બેઠકમાં આ સાથે ATCમાં એફડીઆઈને મંજૂરી આપવામાં આવી છે.

કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે એક પત્રકાર પરિષદમાં કેબિનેટ નિર્ણયોની જાણકારી આપી છે. ઉલ્લેખનીય છે કે રિઝર્વ બેંકે લક્ષ્મી વિલાસ બેંકનો DBS બેંકમાં વિલયનો આદેશ આપ્યો હતો. ATC Telecom Infraમાં ૨૪૮૦ કરોડના પ્રત્યેક્ષ વિદેશી રોકાણ (FDI)ને કેબિનેટે મંજૂરી આપી છે. ટાટા સમૂહની કંપની એટીસીના ૧૨ ટકા શેર એટીસી પેસિફિક એશિયાએ લીધા છે.

તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં આજે કેબિનેટ અને આર્થિક મામલાની મંત્રીમંડળીય સમિતિ (CCEA)ની બેઠકમાં ઘણા મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, મોદી સરકારનો ભાર આત્મનિર્ભર ભારતને પ્રોત્સાહન આપવા પર છે. તેથી તે માટે નાણા ભેગા કરવા હવે ડેટ માર્કેટનો ફાયદો ઉઠાવવામાં આવશે.

આ રીતે નેશનલ ઈનવેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ (NIIF)ની સ્થાપના કરવામાં આવી હતી. કેબિનેટે આજે નિર્ણય લીધો છે કે તેમાં ૬૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે. આ રોકાણ આગામી બે વર્ષમાં થશે. તેનાથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ માટે બોન્ડ માર્કેટ દ્વારા ૧ લાખ કરોડ રૂપિયાથી વધુની રકમ એકઠી થશે.

ભારતીય રિઝર્વ બેંકે ૧૭ નવેમ્બરે દક્ષિણ ભારત કેન્દ્રીત લક્ષ્મી વિલાસ બેંકને એક મહિનાના મોરેટોરિયમમાં મુકી હતી. આરબીઆઈએ બેંકને આદેશ આપ્યો હતો કે આગામી એક મહિના સુધી બેંકમાંથી કોઈ ગ્રાહક ૨૫ હજારથી વધુનો ઉપાડ કરી શકશે નહીં. આરબીઆઈના આ નિર્ણયની અસર બેંકના શેરો પર પણ જોવા મળી રહી છે.

કટોકટીની સ્થિતિમાં બેંકમાંથી ૫ લાખ રૂપિયા કાઢી શકાય છે. સારવાર, લગ્ન, શિક્ષણ અને અન્ય જરૂરી કામો માટે આ રકમ ઉપાડી શકાય છે, પરંતુ તે માટે ગ્રાહકોએ પૂરાવા આપવા પડશે.

આજે દેશભરમાં બેન્ક કર્મીઓની હડતાળ: ૩૦,૦૦૦ કર્મચારી જોડાશે

ન્યુ દિલ્હી, આજે સમગ્ર દેશમાં બેંકિંગ સેવા પ્રભાવિત થઈ શકે છે. જેનું કારણ છે સેન્ટ્રલ ટ્રેડ યુનિયન્સની હડતાળ, જેનાથી દેશભરમાં લાખો બેંકકર્મી પણ જોડાશે.

સેન્ટ્રલ ટ્રેડ યુનિયન્સે કેન્દ્ર સરકારની શ્રમ વિરોધી નીતિઓના વિરોધમાં હડતાળનું આહ્વાન કર્યું છે. સરકારે હાલમાં જ ત્રણ નવા શ્રમ કાયદા પાસ કર્યા અને ૨૭ જૂના કાયદા રદ કરી નાખ્યા. જેના વિરોધમાં આ હડતાળ થઈ રહી છે. ભારતીય મજદૂર સંઘને બાદ કરતા ૧૦ કેન્દ્રીય ટ્રેડ યુનિયનોએ ૨૬ નવેમ્બરે રાષ્ટ્રવ્યાપી હડતાળની જાહેરાત કરી છે.

અખિલ ભારતીય બેંક કર્મચારી સંઘએસબીઆઈ અને ઈન્ડિયન ઓવરસીસ બેંકને બાદ કરતા મોટાભાગની તમામ જાહેર ક્ષેત્રની અને ખાનગી ક્ષેત્રની બેંકોમાં કાર્યરત કર્મચારીઓનું પ્રતિનિધત્વ કરે છે. એકલા મહારાષ્ટ્રમાં જાહેર ક્ષેત્રની બેંકો, જૂની પેઢીની ખાનગી ક્ષેત્રની બેંકો, ક્ષેત્રીય ગ્રામીણ બેંકો અને વિદેશી બેંકોની ૧૦,૦૦૦ બ્રાન્ચના લગભગ ૩૦,૦૦૦ કર્મચારી હડતાળમાં જોડાશે. AIBEAએ કહ્યું કે ૨૬ નવેમ્બરના રોજ બેંક કર્મચીરઓ પણ પોતાની માગણીને રજુ કરશે. શ્રમ કાયદા ઉપરાંત આ માગણીઓ ઉપર પણ અમારું ફોકસ રહેશે. બેંક કર્મચારીઓ તરફથી બેંક ખાનગીકરણનો વિરોધ, આઉટસોર્સિંગ તથા કોન્ટ્રાક્ટ સિસ્ટમનો વિરોધ, પૂરતી નિયુક્તિઓ, મોટા કોર્પોરેટ ડિફોલ્ટર્સ વિરુદ્ધ કડક કાર્યવાહી, બેંક ડિપોઝીના વ્યાજદરમાં વધારો અને સર્વિસ ચાર્જમાં કાપ જેવી માગણીઓ રહેશે. આ ઉપરાંત બેંકોના ખાનગીકરણ કરવાની સરકારની મુહિમનો પણ વિરોધ કરશે. કારણ કે આ પગલાંથી દેશની ઈકોનોમી પર સીધી અસર પડી રહી છે.

એક મહિના પહેલાં તેઓ કોરોનાથી સંક્રમિત થયા હતા

કોંગ્રેસના 'ચાણક્ય' અહેમદ પટેલનું ૭૧ વર્ષની વયે નિધન

ન્યુ દિલ્હી, કોંગ્રેસના સિનિયર નેતા અને ગુજરાતના રાજ્યસભાના સાંસદ અહેમદ પટેલનું ગુરુગ્રામની એક પ્રાઈવેટ હોસ્પિટલમાં અવસાન થયું છે. ૭૧ વર્ષીય અહેમદ પટેલને એક મહિના પહેલા કોરોનાનો ચેપ લાગ્યો હતો, અને ત્યારથી તેમની સ્થિતિ સતત વણસી રહી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, તેમના શરીરના અંગોએ કામ કરવાનું બંધ કરી દેતા બુધવારે સવારે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

અહેમદ પટેલના અવસાનથી તેમના વતન ભરૂચ સ્થિત પીરામણ ગામમાં શોકનો માહોલ જોવા મળી રહ્યો છે. મળતી માહિતી પ્રમાણે અહેમદ પટેલની ઈચ્છા હતી કે, તેમની દફનવિધિ પીરામણ ગામમાં માતા-પિતાની કબરની બાજુમાં કરવામાં આવે. જેથી પીરામણ ગામમાં દફનવિધિઓ માટેની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. મળતા સમાચાર મુજબ આવતીકાલે એટલે કે ગુરુવારે સવારે ૯-૦૦ કલાકે અહેમદ પટેલની દફનવિધિ કરવામાં આવશે. અહેમદ પટેલ મૃત્યુ પામ્યા પછી પણ તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેમના વતન પિરામણ ખાતે માબાપની કબરની બાજુમાં જ તેમની દફનવિધિ કરવામાં આવશે. તેમનો મૃતદેહ વિમાન માર્ગે ભરૂચ આવશે અને ત્યાંથી તેમના વતન પિરામણ ખાતે લઈ જવાશે.

એક ટ્વીટમાં તેમના દીકરા ફૈઝલ શેખે અહેમદ પટેલ બુધવારે સવારે ૩.૩૦ કલાકે અવસાન પામ્યા હોવાનું જણાવ્યું હતું. તેમણે દિગવંત નેતાને શ્રદ્ધાંજલિ આપવા માટે કોવિડ પ્રોટોકોલ અનુસાર લોકોને મોટી સંખ્યામાં ભેગા ના થવા માટે પણ અપીલ કરી હતી. અહેમદ પટેલ મૂળ ભરુચના છે, અને તેઓ ભરુચ લોકસભા બેઠકના પૂર્વ સાંસદ પણ રહી ચૂક્યા છે.

અહેમદ પટેલ કોંગ્રેસના ખજાનચી પણ હતા, તેમજ સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર પણ. ૧ ઓક્ટોબરના રોજ તેમને કોરોનાનો ચેપ લાગ્યો હતો, અને ૧૫ નવેમ્બરે તેમને મેદાંતા હોસ્પિટલના આઈસીયુમાં એડમિટ કરાયા હતા.

વડાપ્રધાન મોદીએ સ્વર્ગીય નેતાને શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું હતું કે હું તેમના અવસાનથી દુ:ખી છું. તેમણે જાહેરજીવનમાં વર્ષો વિતાવ્યા, અને સમાજની સેવા કરી. તેઓ પોતાની વિચક્ષણ બુદ્ધિ માટે જાણીતા હતા અને કોંગ્રેસને મજબૂત બનાવવા માટે તેમણે નીભાવેલી ભૂમિકા માટે તેમને યાદ રખાશે.

અહેમદ પટેલે તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત કટોકટીના દિવસોથી થઈ હતી. ૨૮ વર્ષીય પટેલે ૧૯૭૭માં દક્ષિણ ગુજરાતની ભરૂચ બેઠક પર પાર્ટીને વિજયી બનાવી હતી. રાજીવ ગાંધીના સમયમાં અહેમદ પટેલને તેમણે પક્ષના મહામંત્રી બનાવ્યા હતા. રાજીવ ગાંધીની હત્યા બાદ તેઓ સાઈડલાઈન થયા હતા. તેઓ ફક્ત કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્ય બનીને રહી ગયા હતા. જે બાદમાં ૯૦ના દાયકામાં સોનિયા ગાંધી રાજકારણમાં નવાં હતાં, ત્યારે તેઓએ અહેમદ પટેલને તેમનાં રાજકીય સલાહકાર તરીકે પસંદ કર્યા હતા.

અહેમદ પટેલ આઠ વખત સાંસદ રહી ચુક્યા છે. જેમાં ત્રણ વખત લોકસભા અને પાંચ વખત રાજ્ય સભાના સાંસદ રહી ચુક્યા છે. હાલ તેઓ ગુજરાત બેઠક પરથી રાજ્ય સભાના સાંસદ હતા.

મેં એક વફાદાર સહયોગી અને દોસ્તને ગુમાવ્યા: અહેમદ પટેલના નિધનથી સોનિયા ગાંધી દુ:ખી

કોંગ્રેસના વફાદાર અને પોતાના રાજકીય સલાહકાર અહેમદ પટેલને ચીર વિદાયથી કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી રીતસરના ભાંગી પડ્યા છે. સોનિયા ગાંધીએ અહેમદ પટેલના નિધન પર ભારે દુ:ખ વ્યક્ત કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, મેં એક અપરિવર્તનીય કોમરેડ, એક વફાદાર સહયોગી અને એક મિત્ર ગુમાવ્યો છે. સોનિયા ગાંધીએ દુ:ખ વ્યક્ત કરતા કહ્યું હતું કે, અહેમદ પટેલના રૂપમાં મેં એક એવા સાથી ગુમાવ્યા છે કે જેની જગ્યા કોઈ લઈ શકે તેમ નથી. એક એવા મિત્ર કે જેમનું આખુ જીવન જ કોંગ્રેસ પાર્ટીને સમર્પિત હતું. હું એક અપરિવર્તનીય કોમરેડ, એક વફાદાર સહયોગી અને એમ મિત્ર ગુમાવી ચુકી છું. તેમના શોકગ્રસ્ત પરિવારને મારી સંપૂર્ણ સહાનુભૂતિ.

કોંગ્રેસ પાર્ટીને મજબુત કરવા માટે અહેમદ પટેલને હંમેશા યાદ રખાશે: મોદી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અહેમદ પટેલ નિધન પર ટ્વીટ કર્યું હતું કે, અહેમદ પટેલજીના નિધનથી દુ:ખી છું. તેમણે વર્ષો સુધી જાહેર જીવનમાં રહીને લોકોની સેવા કરી છે. તેઓ પોતાના બુદ્ધિશાળી વ્યક્તિ તરીકે જાણીતા હતા અને કોંગ્રેસ પાર્ટીને જે રીતે તેમણે મજબૂત કરી હતી તે વાત હંમેશા યાદ રહેશે. તેમના પુત્ર ફૈઝલ સાથે વાતચીત કરીને તેમને સાંત્વના પાઠવી છે. તેમની આત્માને શાંતિ મળે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ.ગાંધીનગર,
જાહેર નિવિદા નં.૧૦ સને ૨૦૨૦-૨૧
ટેન્ડર આઈ.ડી.નં. ૪૩૬૩૪૨

ડીટીએચ બોર શારકામનું રજસ્ટ્રેશન ધરાવતા ઈજારદાર (ગુજરાત રાજયના બાંધકામ ખાતાના માન્ય યોગ્ય શ્રેણી ના રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારો પાસેથી કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, ગુ.પા.પુ. અને ગટર વ્ય.બોર્ડ, મંગલ બિલ્ડીંગ, પંચાલ હોસ્પીટલ નજીક, ગોધરા. ફોન નં. ૯૮૨૫૭ ૧૫૫૬૧ અને ૦૨૬૭૨-૨૫૨૩૪૬ દ્વારા પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના વિવિધ ગામોમાં ડીપોઝીટ કાર્યક્રમ અંતર્ગત ડીટીએચ રીગથી ૧૬૫ મી. મી.વ્યાસ.ના ૯૦ મીટર ઉંડા બોર શારકામ કરી સફળ બોર ઉપર ઈન્ડીયા માર્ક-૨ હેન્ડપંપ બેસાડી ચુનિસેફ ડીઝાઈન મુજબ સી.સી.પ્લેટફોર્મ તથા શોકપીટ બનાવવા અંગેની કામગીરીના કુલ ૨૩ કામો માટે અંદાજીત રકમ રૂા.૬.૬૧ લાખ માટે ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડર ડાઉન લોડ અપલોડ, કરવાની છેલ્લી તા.૧૦/૧૨/૨૦૨૦ ૧૮.૦૦ કલાક સુધીની રહેશે. વધુ વિગતો કચેરીના ચાલુ દિવસો દરમ્યાન તથા નોટીસ બોર્ડ ઉપરથી મળશે વધુ વિગતો તથા હવે પછીના સુધારા/વધારા માટે વેબ સાઈટ www.nprocure.com/ ઉપર જોવી. ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ.અને ગટર વ્ય.બોર્ડના હેલ્પલાઈન નં.૧૯૧૬ ઉપર જનતાને સંપર્ક કરવા અનુરોધ છે.

કાર્યપાલક ઈજનેર
જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ
ગોધરા

જિમાક/ગોધરા/૫૩૬/૨૦૨૦

બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ

ગાંધીનગર, ગુજરાતમાં કોરોનાના કેસો સતત વધી રહ્યા છે, ત્યારે ભાજપ અને કોંગ્રેસના કેટલાય નેતાઓ કોરોનાની ચપેટમાં આવી ચૂક્યા છે. હવે ભાજપના વધુ એક દિગ્ગજ નેતાને કોરોનાનો ચેપ લાગ્યો છે. બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાને કોરોના થયો છે. ભાજપ નેતા ધવલસિંહ ઝાલાને કોરોના રિપોર્ટ પોઝિટીવ આવતાં તેમણે પોતાના સંપર્ક આવેલ લોકોને તપાસ કરાવવા અપીલ છે. નોંધનીય છે કે, ધવલસિંહ ઝાલા કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય છે. રાજ્યસભાની ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કર્યા પછી બાયડના ધારાસભ્ય પદેથી રાજીનામું આપી દીધું હતું. તેમની સાથે રાધનપુરના કોંગ્રેસના ધારાસભ્ય પદેથી અલ્પેશ ઠાકોરે પણ રાજીનામું આપી દીધું હતું. તેમજ આ બંને નેતાઓ ભાજપમાં જોડાયા હતા અને ભાજપની સીટ પર ચૂંટણી લડ્યા હતા. જોકે, બંનેનો પરાજય થયો હતો.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

શહેરીયા મોહંમદહનીફ અ.રઝઝાક
મુ. કબીરપુર, તા. ગોધરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

સુજેલા એ.હુસેન ઈબ્રાહીમ
મુ. સામલી, તા. ગોધરા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

મહીસાગર જિલ્લામાં આજે ૧૮ પોઝિટિવ કેસ :

જિલ્લામાં કોરોનાના કુલ ૧૫૮૯ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૩ પરૂષ, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પરૂષ, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૩ પરૂષો, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પરૂષો, વિરપુર તાલુકાના ૦૧ પરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૫-૧૧-૨૦૨૦ના સાંજના ૬-૦૦ વાગ્યા સુધીમાં ૧૫૮૯ કેસ પોઝીટીવ નોંધાયા છે. આજે જિલ્લાઘમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૩ પરૂષ, લુણાવાડા તાલુકાના ૦૨ પરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૩૬૩ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૮૫૨૭૮ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૪૫૯ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૫ દર્દી ડીસ્ટ્રીખકટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૪૬ દર્દી હોમ આઈસોલેશન, ૧૦ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૦૪ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૮ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૬૧ દર્દીઓ સ્ટેબલ, ૧૧ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૧ દર્દી વેન્ટીલેટર પર છે.

મહીસાગરવાસીઓને જિલ્લા કલેકટરનો પંચામૃત સંદેશ

લુણાવાડા,

જિલ્લા કલેકટર આર. બી. બારડે મહીસાગર જિલ્લના નાગરિકોને કોરોના વાયરસની પ્રવર્તમાન પરિસ્થિતિ અન્વયે પાંચ બાબતોનો પંચામૃત સંદેશ પાઠવી નાગરિકોને તકેદારી તથા સાવચેતીના પગલાં અનુસરવાની અપીલ કરી છે.

પંચામૃત સંદેશ આપતાં જણાવ્યું કે, સૌપ્રથમ આપણે વેન્ટીલેશનમાં રહેવું. બંધિયાર તથા ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળવું. હવા-ઉજાસ પર્યાપ્ત માત્રામાં અવરજવર થવાના કારણે વાઈરસના સંક્રમણનું પ્રમાણ ઘટે છે, તેથી વેન્ટીલેશન હોવું ખુબ જરૂરી છે.

બીજી બાબત લગ્નગાળાના આ સમયમાં સાવચેત રહેવાની સાથે માસ્કનો અચૂકપણે ઉપયોગ કરીએ. ત્રીજી અને મહત્વની બાબતમાં કોમોર્બિડ અને વયોવૃદ્ધ વ્યક્તિઓને હાલના સમયમાં ખાસ કાળજી અને સારસંભાળ રાખવા અને જરૂર વગર બહાર ન નીકળવા વિનંતી કરી છે. ચોથી કાળજી લેવાની બાબતમાં બારડે જે દુકાનો અને સંસ્થાઓમાં લોકો માસ્ક પહેરતા નથી કે માસ્ક પહેર્યા વગર આવે છે. ત્યાં નો માસ્ક, નો એન્ટ્રીના નિયમને અપનાવવા અપીલ કરી છે.

જયારે છેલ્લી અને પાંચમી વાત બહારગામથી કે પ્રવાસેથી વતનમાં પરત આવતા તમામ લોકોએ પોતાનું ટેસ્ટીંગ કરાવવું અને બે થી ત્રણ દિવસ સુધી પોતાના સ્વાસ્થ્યનું મોનીટરીંગ કરવું. જો કોઈ બિમારીના લક્ષણો જણાય તો નજીકના સ્વાસ્થ્ય કેન્દ્રમાં ચેકઅપ અવશ્ય કરાવવાની તકેદારી રાખવા અને તેનો અમલ કરવા પર ભાર મૂકયો છે.

બિન અનામત વર્ગની જાતિઓની યાદીમાં નવી વધુ ૩૨ જાતિઓ-પેટાજાતિઓનો સમાવેશ કરાયો

લુણાવાડા,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, બિન અનામત વર્ગની જાતિઓની યાદીમાં નવી વધુ ૩૨ જાતિઓ-પેટાજાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં બિન અનામત હિન્દુ જાતિઓમાં નવી ૨૦ જાતિઓ તથા બિન અનામત મુસ્લિમ જાતીઓમાં નવી ૧૨ જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

બિન અનામત વર્ગની જાતિઓની યાદીમાં સમાવેશ થયેલ ન હોય એવા બિન અનામત વર્ગના અરજદારો સંસ્થા તરફથી તેઓની જાતિનો બિન અનામત વર્ગની જાતિઓની યાદીમાં સમાવેશ કરવા રજૂઆત કરવામાં આવી હતી. જેને ધ્યાને લઈને સંવેદનશીલ રાજય સરકાર દ્વારા બિન અનામત વર્ગની જાતિઓની યાદીમાં બાકી રહેલ જાતિઓ-પેટાજાતિઓનો સમાવેશ કરાયો છે.

બિન અનામત હિન્દુ જાતિઓમાં હિન્દુ વાલમ બ્રાહ્મણ, ખંડેલવાલ (મૂળે ગુજરાતમાં સ્થાયી થયેલ), મોઢ વણિક, મોઢ વાણિયા, રાયકવાળ બ્રાહ્મણ, ખેડાવાળ બ્રાહ્મણ, બાજ ખેડાવાળ બ્રાહ્મણ, સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ, જેઠી મહ્લ, જેષ્ઠી મહ્લ, જયેષ્ઠી મહ્લ, પુરબિયા રાજપૂત ક્ષત્રિય, હિન્દુ આરેઠીયા, વાવિયા, હિન્દુ મહેતા, મોરબીયા, જોબનપુત્રા, પુષ્કર્ણા બ્રાહ્મણ, સિધ્ધરૂદ્ર બ્રાહ્મણ, સાંચીહર બ્રાહ્મણ, પુરોહિત, રાજપુરોહિત, માહેશ્વરી, અગ્રવાલ, અગ્રવાલ (વૈષ્ણવ વણિક), અગ્રવાલ (વૈષ્ણવ વાણિયા), ઠક્કર, મારૂ રાજપૂત, અમદાવાદ રાવત (રાજપૂત) તથા બિન અનામત મુસ્લિમ જાતીઓમાં કુરેશી મુસ્લીમ, સુન્ની મુસલમાન વ્હોરા પટેલ, સુન્ની મુસલમાન, શીયા જાફરી મોમીન જમાત, મુસલમાન મોમીન, મોમીન, વૈદ્ય જ્ઞાતી, મોમીન સુથાર, સુથાર (મુસ્લીમ), મુમન, ખેડવાયા મુસ્લીમ, ચૌહાણ (મુસલમાન), મુસ્લીમ ખત્રી, બુખારી, મુસ્લિમ રાઉમા, મુસ્લીમ રાયમા, મીરઝા, બેગ, પિંઢારા, મુસ્લીમ વેપારીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નવી જાહેર કરાયેલી આ બિન અનામત વર્ગની જાતિઓની યાદીથી અરજદારોને બિન અનામત વર્ગનંવ પ્રમાણપત્ર આપવામાં સરળતા રહેશે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના જૂના ઠરાવમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો / અન્ય પછાત વર્ગો સિવાયની કોઈ જાતિ, સમૂહ કે જૂથનો ઉલ્લેખ બિનઅનામત વર્ગની યાદીમાં ન થયો હોય તેવી જાતિના ઉમેદવારો/અરજદારોને પણ બિન અનામત વર્ગનું પ્રમાણ પત્ર આપવામાં આવશે.

સંતરામપુર નગરપાલિકા વિસ્તારમાં ઠેર ઠેર ગંદકીના કારણે રોગચાળાનો ભય

સંતરામપુર,

સંતરામપુર નગરમાં હાલ કોરોનાએ પુનઃ માથું ઉંચકતા કેસ વધતા નગરપાલિકા વિસ્તારમાં ઠેર ઠેર ગંદકી જોવા મળે છે. તે દુર કરાય અને સ્વચ્છતાં ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

સંતરામપુર નગર પાલિકા વિસ્તારમાં ગંદકી દુર કરી દવાનો છંટકાવ કરવામાં અને કોરોનાના પોઝીટીવી કેસો આવતા હોઈ સેનેટાઈઝેશનની કામગીરી નગરપાલિકા સંતરામપુર દ્વારા કરાય તે જરૂરી બન્યુ છે. નહિ તો, કોરોના, ચિકનગુણિયા, જેવી બિમારી ફેલાવાનો ભય જોવા મળી રહ્યો છે.

નગરના ચંદન તલાવડી વિસ્તાર, હરિજન વાસ સામે કચરો ઠલવાય છે. ઉકરડાની ગંદકીને દુર કરવામાં નહિ આવતા નગરપાલિકાના સત્તાધિશો બિમારીને આમંત્રણ આપી રહ્યા છે. પ્લોટબજારમાં માલિવાડમાં ગંદકી અને કચરાના ઢગ જોવા મળે છે. ગંદકી દુર કરી નગરમાં દવા છંટકાવ કરવામાં આવે અને કોરોના મહામારી ફેલાતી અટકાવવા માટે નગરપાલિકા પગલા ભરે તે આવશ્યક છે નહિ તો કોરોનાના કેસોમાં સતત વધારો થઈ શકે છે.

દેશમાં કોરોનાની એન્ટ્રીને ૩૦૦ દિવસ પૂર્ણઃ કુલ કેસ ૯૨ લાખને પાર

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના વાયરસ સંક્રમણના કુલ કેસ ૯૨ લાખનો આંકડો પાર કરી ગયા છે. આ આંકડાને પાર કરવામાં કુલ ૩૦૦ દિવસ લાગ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૪,૩૭૬ નવા કેસ દર્જ કરવામાં આવ્યા છે જ્યારે ૪૮૧ લોકોના મોત થયા છે. અત્યાર સુધી દેશભરમાં કુલ ૯૨ લાખ ૨૨ હજાર ૨૧૬ કેસ સામે આવ્યા છે. જોકે, છેલ્લા ૨૪ કલાકમાં ૩૭,૮૧૬ દર્દી સ્વસ્થ્ય પણ થયા છે.

દેશમાં કોરોના વાયરસ સંક્રમણનો રિકવરી રેટ ૯૩.૭૧ % છે, જ્યારે એક્ટિવ દર્દી ૪.૮૨ % છે. કોરોના વાયરસથી દેશમાં મોતનો એવરેજ દર ૧.૪૬ % છે જ્યારે પોઝિટિવિટી રેટ ૩.૮૨ % છે. ગત ૨૪ કલાકમાં સ્વસ્થ થયેલા દર્દીઓની સંખ્યા ૩૭,૮૧૬ છે. અત્યાર સુધી દેશભરમાં કુલ ૮૬,૪૨,૭૭૧ દર્દી કોરોના વાયરસ સંક્રમણથી સ્વસ્થ થયા છે, જ્યારે દેશભરમાં અત્યાર સુધી ૧,૩૪,૬૯૯ લોકોના મોત કોરોના સંક્રમણથી થઈ ચુક્યા છે.

દેશભરમાં કોરોના વાયરસ સંક્રમણના કુલ એક્ટિવ કેસની સંખ્યા ૪,૪૪,૭૪૬ છે. દેશભરમાં ગત ૨૪ કલાકમાં કુલ ૧૧,૫૯,૦૩૨ સેમ્પલની તપાસ થઈ છે જ્યારે અત્યાર સુધી ૩૦૦ દિવસમાં દેશમાં ૧૩ કરોડ ૪૮ લાખ ૪૧ હજાર ૩૦૭ સેમ્પલની ટેસ્ટિંગ થઈ ચુકી છે.

કોરોના વાયરસથી ફેલાનારી મહામારીનો પ્રકોપ છેલ્લા એક વર્ષથી વિશ્વભરમાં આતંક જોવા મળી રહ્યો છે. ભારતમાં પણ આ રોગની ઝપટમાં આવનારા લોકોની સંખ્યા પ્રથમ વખત એક લાખ સુધી પહોચવામાં ૧૧૦ દિવસનો સમય લાગ્યો હતો પરંતુ તે બાદથી ઝડપ વધતી ગઈ અને દેશમાં એક એક લાખ નવા કેસ માત્ર એક-બે દિવસમાં જોડાવા લાગ્યા. હવે ગત મહિનામાં સંક્રમણ ફેલાવવાની ગતિ થોડી ધીમી થઈ છે પરંતુ રોગ માટે કોઈ યોગ્ય દવા આવવા સુધી ઢીલાશ રાખવી નુકસાનકારક સાબિત થઈ શકે છે. ભારતને ૯૨ લાખ કોરોના સંક્રમિતનો આંકડો પાર કરવામાં કુલ ૩૦૦ દિવસ લાગ્યા છે.

યુપીમાં ઝડપથી વધી રહેલા કોરોના સંક્રમણ પર અલાહાબાદ હાઈકોર્ટે કડક નિર્દેશ જાહેર કર્યા છે. હાઈકોર્ટે યુપીના ૬ જિલ્લા પ્રયાગરાજ, લખનઉ, ગાઝિયાબાદ, મેરઠ, કાનપુર, અને ગૌતમબુદ્ધ નગરમાં નિગરાણી અભિયાન ચલાવવાના નિર્દેશ આપ્યા છે. આ સાથે એમ પણ કહ્યું છે કે ભીડભાડવાળા વિસ્તારોમાં ડ્રોનથી ૨૪ કલાક નિગરાણી થવી જોઈએ.

અલાહાબાદ હાઈકોર્ટે માસ્ક પહેરવાની નિગરાણીના પણ નિર્દેશ આપ્યા છે અને કહ્યું કે પ્રશાસન માસ્ક પહેરવાના નિયમોને અનિવાર્ય રીતે કડકાઈથી લાગુ કરે. આ માટે રેન્ડમ ટેસ્ટિંગ પણ થવું જોઈએ.

મહીસાગર જિલ્લામાં કોરોના મહામારીના સમયમાં ૨૦૯૨ જેટલા રકતદાતાઓએ રકતદાન કરી સામાજીક ઉતરદાત્યિવ નિભાવ્યું

તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,

કોરોનાવાયરસની વૈશ્વિક મહામારી વચ્ચે પણ જિલ્લાની એનેમીક સગર્ભા મહિલાઓને તેમજ થેલેસેમિયાના દર્દીઓ સાથે કોરોનાના દર્દીઓને નિઃશુલ્ક ધોરણે અવિરત પણે રક્ત મળી રહે અને રકતના અભાવે નિરોગી થવામાં અવરોધ ઉભો ન થાય તે માટે મહીસાગર જિલ્લામાં આવેલ વિવિધ આરોગ્ય કેન્દ્રો ખાતે રકતદાન કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા કલેકટર આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહની રાહબરીમાં મહીસાગર જિલ્લામાં મે-૨૦૨૦ થી ૨૪ મી નવેમ્બર-૨૦૨૦ સુધી જિલ્લામાં આવેલ વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને અર્બન હેલ્થ સેન્ટર તેમજ હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર જેવા કે લુણાવાડા, ખેડાપા, ખાનપુર, સરસણ, ખારોલ, ઓથવાડ, મુનપુર, મલેકપુર-શામણા, ભાટપુર- વિરપુર, હાથીવન, થાણા સાવલી, જનોડ, ચાંપેલી- ઉંદરા, કુરેટા, કોચડેમ, ભંડારા, કિડીયા, બાર, ઉબેર, મોટાસોનેલા, સાલીયાબીડ, બાકોર, કેનપુર, નાનીભુગેડી બાલાશિનોર, મોટીકચાર, ચુંથાનામુવાડા, વેલના મુવાડા, ઉકરડી, મુડાવેડખ, જોરાપુરા, ઝાલાસાગ, વડાગામ, સંતરામપુર, કડાણા-૧, મલેકપુર તેમજ જિલ્લા શિક્ષણ વિભાગ હેઠળ લુણાવાડા, સંતરામપુર, લાલસર ખાતે મેડીકલ ઓફીસરઓ, આયુસ મેડીકલ ઓફીસરઓ, અને રેડ ક્રોસ સોસાયટી પંચમહાલ-ગોધરાનાં ડોકટર તેમજ આરોગ્ય ટીમો દ્વારા યોજવામાં આવેલા રકતદાન કેમ્પોમાં જિલ્લાના ૨૦૯૨ જેટલા રકતદાતાઓએ પોતાના રકતનું દાન કરીને કોરોના સામેની લડતમાં અનેરૂં યોગદાન આપી ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું.

આ રકતદાન કેમ્પોમાં કોરોનાવાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટેના સરકારની ગાઈડલાઈના દિશાનિર્દેશોનું પાલન અને ફરજિયાત માસ્કનો ઉપયોગ તેમજ સામાજિક અંતર જાળવવાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું. આ રકતદાન કેમ્પોનું ખૂબજ કાળજીપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું હતું. જેથી કોઈ પણ રકતદાતાને કોરોના વાયરસનો ચેપ ન લાગે તે માટે દરેક ડોનરને નવી બેડશીટ પાથરીને જ રકતદાન કરાવવામાં આવ્યું હતું.

આ રકતદાન કેમ્પોમાં દાતાઓ જયારે કેમ્પોના સ્થળે આવ્યા ત્યારે તેમને થર્મલ ગનથી આરોગ્ય તપાસ કરી તેમના હાથ સાફ કરવા માટે હેન્ડવોશ તેમજ સેનેટાઈઝર ની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે સિનિયર મેડિકલ ઓફિસરએ રકતદાન કેમ્પમાં કોરોનાને ધ્યાને લઈ સાવચેતીના તમામ પગલા સુનિશ્ચિત કરવાની સાથે રકતદાતાઓને બેડશીટ બદલવાની અને તમામ સામગ્રી જંતુ રહિત રહે તેનો સુચારૂ આયોજન કર્યું હતું.

આ રકતદાન કેમ્પોમાં ૨૦૯૨ યુનિટ બ્લડનું કલેકશન કરવામાં આવ્યું હતું રકતદાનએ શ્રેષ્ઠ મહાદાન છે. જે કોરોનાના દર્દી, એનેમિક સગર્ભા બહેનો અને થેલેસેમિયાના દર્દીઓને પણ જરૂર પડે તો આ સંગ્રહ કરેલ રકતનો પ્રવાહ પહોંચાડી શકાય તે માટે કોરોના મહામારી ના સમય વચ્ચે પણ આ રકતદાન કેમ્પો જન ઉપયોગી બની રહેશે.

લુણાવાડા કોટેજ ચોકડી પાસે ગેરકાયદેસર કોમ્પલેક્ષની દુકાનોનુ બાંધકામ દુર કરવા તંત્રની ઢીલી નિતી

લુણાવાડા,

મહિસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડામાં કોટેજ ચોકડીથી બસ સ્ટેન્ડ તરફના માર્ગોની બાજુમાં એસ.કે.હાઈસ્કુલને અડીને લુણાવાડા કેળવણી મંડળ દ્વારા શૈક્ષણિક હેતુ માટે મળેલ જમીનમાં ગેરકાયદેસર કોમ્પલેક્ષ બનાવ્યા બાદ પાછલા એક વર્ષથી વિવાદ ચાલી રહ્યો છે.

લુણાવાડાના ખાતા નં- ૯૦૯ના બ્લોક સં.નં- ૧૨૮૩(જુનો સં.ન.-૧૧૧ પૈકી ૨)માં શરત ભંગ કરી લુણાવાડા કેળવણી મંડળ દ્વારા કોમ્પલેક્ષ બનાવવામાં આવ્યુ હોવાના લોકો દ્વારા આક્ષેપો કરવામાં આવ્યા હતા.

જે બાબતે અનેક અરજદારોએ અરજી કરતા જિલ્લા કલેકટર આર.બી.બારડ દ્વારા ૧૫ ફેબ્રુ.ના રોજ કેળવણી મંડળની પત્ર લખી જણાવ્યુ હતુ કે, રેકડ પ્રમાણે આ જમીન માત્ર શૈક્ષણિક હેતુ માટે આપેલ હોવાનુ જણાવેલ છે. જેથી શરત ભંગ થયેલ હોવાથી આ બાબતે જરૂરી આધારા-પુરાવા દિન-૫માં રજુ કરવા લેખિતમાં જણાવ્યુ છે.ત્યારબાદ મંડળ દ્વારા કોઈ જવાબ ન મળતા જિલ્લા કલેકટર કચેરી દ્વારા સાત મહિના પછી બે સ્મૃતિપત્ર મોકલી મંડળને જણાવેલ છે ત્યારબાદ કોઈ કાર્યવાહી ન થતાં અરજદારે કલેકટરને લેખિતમાં અરજી કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

સંતરામપુર બસ સ્ટેન્ડમાં વરસાદી પાણીના નિકાલ માટે ખોદાવેલ ખાડા વેપારીઓએ પુરી દેતા ST અધિકારી અને વેપારીઓ આમને સામને

સંતરામપુર,

સંતરામપુરનુ નવુ બસ સ્ટેશન રૂ.પાંચ કરોડના ખર્ચે આકાર લઈ રહ્યુ છે ત્યારે તેના વરસાદી ગટરની ખોદાયેલા ખાડા વેપારીઓએ પુરી દેતા ગોધરાથી આવેલા એસ.ટી.અધિકારીઓએ વેપારીઓ સામે અને વેપારીઓએ એસ.ટી. તંત્ર સામે ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે.

નિર્માણાધિન બસ સ્ટેશનની કામગીરી હવે અંતિમ ચરણમાં છે. ત્યારે તેના ઈજારદારે એસ.ટી.કમ્પાઉન્ડના કોટ પાસે વરસાદી ગટરલાઈનનુ કામ શરૂ કર્યુ છે. આ કામગીરી અધવચ્ચે અટકાવી દઈ જે.સી.બી.થી ગટર માટે ખોદાયેલ ખાડાઓ પુરવાનુ કેટલાંક વેપારીઓએ શરૂ કરતા વિવાદે જન્મ લીધો હતો. એસ.ટી.કમ્પાઉન્ડના કોટ બહાર અને રોડ માટે છોડાયેલા માર્જીન જમીનમાં કેટલાંક વેપારીઓએ દુકાન બાંધી જઈ વેપાર કરી રહ્યા છે. તે દુકાનદારોએ પોતાના કબ્જા ભોગવટો હેઠળની જમીનોમાં એસ.ટી.નિગમે ગટરલાઈન ખોદી હોવાનો દાવો કરી જાતે જ ખાડા પુરવાનુ શરૂ કરતા હોબાળો મચ્યો હતો. કોટની અંદર આવેલી વિવાદી જમીન પર એસ.ટી.નિગમનો ૫૦ વર્ષથી વધુ સમયનો કબ્જો હોવા છતાં વેપારીઓએ જે.સી.બી.વડે ગટરલાઈનના ખાડા પુરી દઈ કાયદા હાથમાં લીધો હોવાની ફરિયાદ કરાઈ છે.

વેપારીઓની આ દુકાનો સામે પણ આ અગાઉ સર્જાયેલો વિવાદ હાલ કોર્ટમાં વિચારધિન છે. જગ્યાની માલિકી કોર્ટ નકકી કરે તે પહેલા વેપારીઓએ જાતે જ માલિક બનીને ખાડા પુરવાની પ્રવૃત્તિ કરતા પોલીસે તે સંબંધમાં તપાસ હાથ ધરી છે. દરમિયાનમાં વેપારીઓએ પણ કોન્ટ્રાકટર અને એસ.ટી.નિગમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૯૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૨૬-૧૧-૨૦૨૦, ગુરૂવાર, નિજ કારતક સુદ-૧૨, સૂર્યોદય-૭-૦૬, સૂર્યાસ્ત-૬-૦૦, જૈન નવકારશી-૭-૫૪, આજની રાશિ: મેષ (અ.લ.ઈ.), નક્ષત્ર: રેવતી

સૂર્ય-કુંભ ચંદ્ર-કર્ક મંગળ-ધન બુધ-કુંભ ગુરૂ-ધન શુક્ર-મેષ શનિ-મકર રાહુ-મિથુન કેતુ-ધન હર્ષલ-મેષ નેપ્ચ્યુન-કુંભ પ્લુટો-મકર	- શુભ ચોઘડીયા - ૮-૨૭ થી શુભ-૯-૪૯ સુધી, ૧૨-૩૩ થી ચલ-લાભ-અમૃત-૧૬-૩૯ સુધી, ૧૮-૦૧ થી લાભ-૧૯-૩૯ સુધી, ૨૧-૧૭ થી શુભ-અમૃત-ચલ-૨૬-૧૧ સુધી - શુભ હોરા- ૭-૦૮ થી ૮-૦૨ સુધી ૯-૫૧ થી ૧૨-૩૪ સુધી, ૧૩-૨૯ થી ૧૪-૨૩ સુધી, ૧૬-૧૨ થી ૧૯-૦૬ સુધી

દૈનિક રાશીફળ

તા.૨૬.૧૧.૨૦૨૦ ગુરૂવાર

મેષ(અ.લ.ઈ.) :- વ્યવસાય ક્ષેત્રે નવી તક મલવાની છે. તમો ઈચ્છો છો તે પ્રમાણે સફળતા મેળવવા વધુ મહેનત કરવી પડે.
વૃષભ(બ.વ.ઉ.) :- મહત્વના પરિવર્તન શકય બને સ્વાસ્થ્ય બાબત સુધારા વાળો દિવસ રહે. નોકરીમાં પગાર વધારો શકય બને.
મિથુન(ક.છ.ઘ.) :- નોકરીમાં નવી ઓફર આવે સાઈડમાં આવકનું પ્રમાણ વધારવાના પ્રયત્નો ફળે યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહે.
કર્ક(ડ.હ.) :- પરિવારના સભ્યોના જરૂરીયાતોમાં વધારો થવાનો નવી યોજના સફળ થવાની રહેણાકના મકાનમાં સુધારા કરવાની ઈચ્છા ફળે.
સિંહ(મ.ટ.) :- આત્મવિશ્વાસ જાળવી રાખવો કર્જમાં પ્રશ્નોથી દુર રહેજો લગ્ન ઈચ્છુકોને મનગમતી ઓફર આવે પ્રવાસ થાય.
કન્યા(પ.ઠ.ણ.) :- શેર સટ્ટામાં અગાઉ કરેલું રોકાણ ફળવાનું છે. નોકરીમાં ચીવટ રાખવી કર્મચારી વર્ગની સાથે સુમેળ રાખવો.
તુલા(ર.ત.) :- વડીલ વર્ગનો સહકાર સારો રહે. રાજકીય રીતે લાભ નોકરીમાં બદલી પ્રમોશનના ચાન્સ રહે.
વૃશ્ચિક(ન.ય.) :- કારણ વગરનો તનાવ રહે. આત્મવિશ્વાસ કેળવવો. વિદેશથી ભાગ્યોદયની તક ઉભી થાય.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- સામાજીક પ્રતિષ્ઠા વધવાની મોસાળથી લાભ સગાઈ લગ્નના કાર્યમાં અનુકુળતા કર્જમાં રાહત.
મકર(ખ.જ.) :- નોકરીમાં સફળતા નવી યોજના વડીલોનો સહકાર રહે. સંસ્થામાં સારો હોદ્દો મેળવશો.
કુંભ(ગ.શ.સ.) :- મિલ્કતના પ્રશ્નોમાં કોઈની સલાહ લેજો નવી ઓળખાણ થાય. આવકનું પ્રમાણ વધવાનું છે.
મીન(દ.ચ.ઝ.) :- મહત્વના કાર્યમાં કોઈ ઉતાવળા નિર્ણયો ન લેવા સ્વાસ્થ્ય જાળવવું આવકનું પ્રમાણ વધવાનું નોકરીમાં લાભ રહે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

દાહોદ શહેરમાં કોરોના ગાઈડ લાઈનનું પાલન ન કરતી બે દુકાનોને સીલ કરાઈ

દાહોદ,

દાહોદમાં સતત વધી રહેલા કોરોના સંક્રમણને કેસોને ધ્યાને રાખી બેકરકારી દાખવી રહેલા દાહોદ શહેરના વેપારી તેમજ દુકાનદારો સામે વહીવટી તંત્ર દ્વારા આજે પણ કાર્યવાહી હાથ ધરતાં વધુ બે દુકાનોને સીલ કરી દેવામાં આવી છે. સતત ત્રણ દિવસથી એક્શનમાં આવેલ પાલિકા તંત્રએ સાત જેટલી દુકાનોને કોરોના ગાઈડ લાઈનના ભંગ બદલ દંડનીય કાર્યવાહી કરી છે.

દાહોદ શહેર સહિત જિલ્લામાં કુદકે ને ફુસકે કોરોના સંક્રમણના કેસો વધી રહ્યા છે. દાહોદ જિલ્લા વહીવટી તંત્ર, આરોગ્ય તંત્ર સમેત સરકારી અધિકારીઓ, પદાધિકારીઓ દ્વારા અનેકવાર કોરોના સંક્રમણથી બચવા જિલ્લાની જાહેર જનતાને અનેકવાર અપીલ કરવામાં આવી રહી છે. સાથે જ નિયમોનું પાલન કરવા પણ જણાવાઈ રહ્યું છે, પરંતુ કેટલાક લોકો તેમજ કેટલાક વેપારીઓ તેમજ દુકાનદારો કોરોના સંક્રમણની ગંભીરતાને ધ્યાને લેતાં નથી અને આવા વેપારીઓ સામે મજબુર બની દાહોદ વહીવટી તંત્ર દ્વારા કડક હાથે કાર્યવાહી કરવી પડી રહી છે. દાહોદ શહેરમાં છેલ્લા ત્રણ દિવસની અંદર સાત જેટલી દુકાનોને સીલ કરી દેવામાં આવી છે. આજે પણ વધુ બે દુકાનોને કોરોના ગાઈડ લાઈનના ભંગ બદલ સીલ કરી દેવામાં આવી છે જેમાં એક દાહોદ શહેરના પડાવ વિસ્તારમાં આવેલ જવેલર્સની દુકાન અને બીજી એક રાત્રી બજાર ખાતે આવેલ ચિયર્સ ફાસ્ટફુડની દુકાનને સીલ કરી દેવામાં આવી છે. રાત્રીના ૯ વાગ્યા બાદ પણ દાહોદ શહેર પોલીસ દ્વારા સ્ટેશન રોડ ખાતે ભરપોડા સર્કલ પર વોચ ગોઠવી ઉભા રહે છે અને માસ્ક વગર ફરતાં બેદકરાર લોકો સામે લા આંખ કરી સ્થળ પરજ દંડનીય કાર્યવાહીઓ પણ કરવામાં આવી છે. દિવાળીના માહોલ બાદ દાહોદ શહેરવાસીઓને જાણે ખુલ્લું મેદાન મળ્યું હોય તેમ પ્રતિત થઈ રહ્યું છે. કોરોના સંક્રમણના ફેલાવાથી ડરતાં નથી તેમ પણ જણાઈ આવ્યું છે અને માસ્ક વગર ફરતાં પણ જોવા મળી રહ્યા છે. ત્યારે આવા લોકો સામે પણ પોલીસ તંત્ર દ્વારા કડક કાર્યવાહીઓ હાથ ધરવામાં આવી રહી છે.

દાહોદ જીલ્લા આરોગ્ય વિભાગ માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ ન જળવાતા ૪૦ લોકોના સ્થળ ઉપર કોરોના ટેસ્ટ કર્યા

દાહોદ,

દાહોદ શહેરમાં કોરોના સંક્રમણના વધતાં કેસોની ગંભીરતાને ધ્યાનમાં રાખી દાહોદ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા આજરોજ શહેરના પથારાવાળા, શાકભાજીવાળા માસ્ક વગર ફરતાં લોકો તેમજ સોશીયલ ડિસ્ટન્સનું પાલન ન કરતાં લોકોનું સ્થળ પર જ કોરોના ટેસ્ટ હાથ ધરવાની કામગીરી કરવામાં આવી રહી છે. આજે ૪૦ થી વધુ લોકોના સ્થળ પર જ આરોગ્યની વાનમાં ટેસ્ટીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ૪૦થી ઉપરાંત લોકોના કોઈ શંકાસ્પદ લક્ષણ ન જણાતા અને ટેસ્ટમાં રિપોર્ટ નેગેટીવ આવ્યા હતા. આ સાથે જ આરોગ્ય વિભાગ દ્વારા શહેરમાં સહિત તાલુકામાં આઈસોલ્યુશન અને હોમ ક્વોરેન્ટાઈન થયેલા લોકોની પણ સ્વાસ્થ્યની ચિંતા કરી ઘરે ઘરે જઈ દર્દીઓ સહિત લોકોની મુલાકાત લીધી હતી.

દાહોદ શહેર સહિત જિલ્લામાં દિન પ્રતિદિન વધતાં કોરોનાના કેસોને લઈ દાહોદ તાલૂકા આરોગ્ય વિભાગની ટીમ એક્શનમાં આવી ગઈ છે અને આરોગ્ય વિભાગ જિલ્લા કલેક્ટરના આદેશ અનુસાર, દાહોદ શહેરના ઠેર ઠેર વિસ્તારોમાં, બજારો, સોસાયટીઓ વિગેરે સ્થળો પર જઈ માક્સનું વિતરણ તેમજ આયુવેર્દિક કાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેથી કરીને ક્યાંકને ક્યાંક લોકો કોરોના જેવી મહામારીથી બચી શકે અને દિવસેને દિવસે વધતાં કોરોનાના સંક્રમણને અટકાવી શકાય. આજરોજ દાહોદ તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા હોમ આઈસોલિસન કરાયેલા કોરોન સક્રમિત દર્દીઓની મુલાકાત લીધી જેમાં જે હોમ આઈસોલિસન કરાયેલા કોરોના સક્રમિત દર્દીઓ છે તેમની થર્મલ ચેકિંગ કરવામાં આવી હતી. સાથે સાથે તેમની તબિયત વિશે પણ પૂછપરછ કરી હતી. કોરોના વિશે સાવચેત રહેવા તેમજ ઘરમાં પણ સોસીયલ ડિસ્ટન જાણવવાની અપીલ પણ કરી હતી. શહેરીવાસીઓએ આરોગ્ય કર્મીઓની આ કામગીરીને બિરદાવવા છે. કોરોના જેવી મહામારીમાં પણ પોતાની કામગીરી નિષ્ઠાપુર્વક અને ખડેપગે સતત કરી રહ્યા છે.

દે.બારીઆ શહેરના સર્કલ બજારમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન પ્રતિબંધિત વિસ્તાર જાહેર

તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દેવગઢ બારીઆમાં કોવિડ-૧૯ના છુટા છવાયા કેસો આવે છે. લગભગ છ કેસો થયાની ચર્ચા શહેરમાં થાય છે. સંક્રમણના વિસ્તારોમાં જવાનું ટાળે તો શહેરમાં કેસો થાય નહિ.

પ્રાપ્ત માહિતી અનુસાર એક સોની સમાજના પ્રીતીબેન સોની અમદાવાદ જવાના કારણે ત્યાંથી સંક્રમિત થઈ શહેરમાં આવ્યા. જેથી સર્કલ બજારમાં ત્રણ ઘરો આજુબાજુના પતરાંના શેડ કરી દેવાતા માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન પ્રતિબંધીત વિસ્તાર જાહેર થતા આમ જનતામાં ભય ફેલાઈ ગયો છે. દાહોદ જીલ્લાના કલેક્ટર વિજય ખરાડી એ એક સંદેશમાં જણાવ્યું છ. તહેવારોમાં શહેરી વિસ્તારોમાં કોરોનાના કેસોમાં એકદમ ઉછાળો આવ્યો છે. માટે ખોટી અવરજવર ન કરવી જોઈએ. ખાસ કરીને રેડ ઝોનમાં જવાનું ટાળવું જોઈએ અને સરકારની ગાઈડ લાઈન કડકાઈથી પાલન કરવાનું રહ્યું અને સામાજીક અંતર જાળવું જોઈએ. અને આ માટે તંત્ર દ્વારા હંમેશા કહેતા રહ્યા છે પરંતુ શાક માર્કેટ તથા દુકાનોમાં પ્રોટોકોલનું પાલન થતું નથી. તે ગંભીર બાબત છે. સરકારી અમલદારો, પોલીસ થી માંડી મામલતદાર ઓફિસમાં પણ સોશ્યલ ડિસ્ટન્સનો પાલન થતો નથી. જેથી જીલ્લામાં વધતો જતો કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બનવા પામ્યો છે. કોરોના કેસો વધે ના તેના માટે માસ્ક પહેરયું છે કે નથી તેના માટે પોલીસ તૈનાત કરી છે. પરંતુ ત્યાંનો બીજુ જોવા મળે છે. લેવડ દેવડ કરી બાઈક સવારો આરામથી નીકળી જાય છે. આમ ને આમ ચાલશે તો કોરોના કેવી રીતે કાબુમાં આવશે તે યક્ષ પ્રશ્ન છે.

ફતેપુરા તાલુકાની પ્રા. શાળાઓમાં ૧૦૨ શિક્ષકોની વધ

સુખસર,

ફતેપુરા તાલુકામાં ધો-૧ થી ૮ની પ્રાથમિક શાળાઓમાં બાળકોની સંખ્યા પ્રમાણે ધો-૧ થી પમાં ૯૧ અને ધો-૬ થી ૮માં ૧૧ શિક્ષકો વધમાં પડચા હોવાની મીહતી રાજયકક્ષાએ મોકલવામાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

હાલમાં કોરોના મહામારીને લઈ ઘરબેઠે બાળકોને શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. જેમાં ફતેપુરા તાલુકા શિક્ષણ વિભાગ દ્વારા વિધાર્થીઓની સંખ્યા પ્રમાણે શિક્ષકોની વધઘટની ગણતરી કરવામાં આવી હતી. જેમાં ધો-૧ થી પમાં અને ધો-૬ થી ૮માં મળી કુલ ૧૦૨ શિક્ષકો વધમાં પડતા હોવાનુ જાણવા મળ્યુ હતુ. અને જેઓની ચાદી રાજય શિક્ષણ વિભાગમાં મોકલવામાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. વધમાં પડતા શિક્ષકોને અન્ય તાલુકા કે જિલ્લા બહાર શાળાઓમાં સરભર કરવામાં આવનાર હોવાનુ પણ જાણવા મળ્યુ હતુ. ધો-૧ થી પમાં ૬૦ બાળકો વચ્ચે બે શિક્ષક અને ધો-૬ થી ૮માં ૩૫ બાળકો વચ્ચે એક શિક્ષક હોવનો મહેકમ છે. જેથી સંપુર્ણ ગણતરી બાદ ધો-૧ થી પમાં ૯૧ અને ધો-૬ થી ૮માં ૧૧ શિક્ષકો વધ માં પડે છે. જેની માહિતી રાજયકક્ષાએ મોકલવામાં આવી છે.

દાહોદના કોવીડ કેર સેન્ટર ખાતે સારવાર બાદ સ્વસ્થ થયેલા દર્દી જણાવે છે કે અહીંના ડોક્ટરો છે સાચા કોરોના વોરિયર્સ

દાહોદ,

દાહોદના ઝાયડસ હોસ્પીટલમાં મારી ખૂબ જ સરસ સારવાર કરવામાં આવી. અહીંના ડોક્ટર અને મેડીકલ સ્ટાફ ખરા અર્થમાં કોરોના વોરિયર્સ છે. અહીં અમારી શારીરિક તંન્દુરસ્તી સાથે માનસિક સ્વાસ્થનું પણ ધ્યાન રાખવામાં આવે છે. દર્દીઓ માટે સારવારથી લઈને રહેવા જમવાની દરેક નાની નાની બાબતોનો પૂરતો ખ્યાલ રાખવામાં આવ્યો છે. આ શબ્દો છે દાહોદના પ્રતીક જતીન શાહના. જેમને ગત તા. ૧૦ નવેમ્બરના રોજ કોરોના સંક્રમણ લાગતા દાહોદની ઝાયડસ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અત્યારે તેઓ સંપૂર્ણ સ્વસ્થ થઈને કોવીડ કેર સેન્ટરથી રજા મેળવી છે.

દાહોદના કોવીડ કેર સેન્ટર ખાતે સારવાર મળતાં અને સ્વસ્થ થયા બાદ રજા મળતા તેઓએ ઉમળકાભેર ડોક્ટર અને તમામ મેડીકલ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. પ્રતીક શાહ જણાવે છે કે, અહીંના ડોક્ટર અને સ્ટાફ દ્વારા સારવારમાં ખૂબ જ કાળજી રાખવામાં આવી હતી. ડોક્ટરો દ્વારા નિયમિત અમારૂ રૂટિન ચેકઅપ દિવસમાં બે વાર કરવામાં આવતું. સવારે હળદરવાળું દૂધ આપવામાં આવતું. ત્યાર બાદ ઉકાળો પણ આપવામાં આવતો. સવારે ચા-નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

દિવસમાં જયારે પણ ગરમ પાણી માંગીએ ત્યારે આપવામાં આવતું. સવારે ડોક્ટરો સાથે યોગા સેશનમાં પણ અમે લોકો ભાગ લેતા. સાથે અહીં રમતગમત માટેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. સ્વચ્છતાનું વિશેષ ધ્યાન રાખવામાં આવે છે. રોજે રોજ નવા માસ્ક આપવામાં આવે છે. સેનિટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી છે. સાથે દૈનિક જરૂરિયાતનો તમામ સામાન પણ પૂરો પાડવામાં આવે છે. જેથી અમને કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે. ઝાયડસ હોસ્પીટલ ખાતે સારવાર બાદ થોડોક સમય કોલેજ ખાતેના કોવીડ કેર સેન્ટર ખાતે મને લઈ જવામાં આવ્યો. ત્યાં ઘરે જઈને શું ધ્યાન રાખવાનું છે. વગેરે બાબતોની સમજ આપવામાં આવી.

સૌથી સારી બાબત જો કોઈ હોય તો ડોક્ટરો દ્વારા દર્દીઓનું જે સરસ રીતે ધ્યાન રાખવામાં આવે છે અને સારવાર કરવામાં આવે છે તે. ડોક્ટરો ખૂબ જ સંમર્પણ સાથે કામ કરી રહ્યાં છે. આવા સાચા કોરોના વોરિયર્સનો ખૂબ ખૂબ ધન્યવાદ.

દાહોદ જીલ્લામાં આજરોજ ૧૬ કોરોના કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે ફરી ૧૬ કોરોના પોઝીટીવ કેસો નોંધાવા પામ્યા છે. આ ૧૬ પૈકી દાહોદ અર્બન વિસ્તારમાંથી ૧૦ કેસો સામે આવ્યા છે. આ સાથે જ દાહોદ જિલ્લામાં કુલ એક્ટીવ કેસો ૧૮૨ને પાર થઈ ગયો છે. આજે વધુ એકના મોત સાથે કોરોનાથી મોતનો કુલ આંકડો જિલ્લામાં ૭૮ને આંબી ગયો છે.

શહેરી વિસ્તારોમાંથી કોરોનાએ ધીમે ધીમે ગ્રામીણ વિસ્તારોમાં પણ પગ પેસારો કરી રહ્યો છે. આ પણ એક ચિંતાનો વિષય છે. આજે આર.ટી.પી.સી.આર.ના ૧૨૪ પૈકી ૧૨ અને રેપીટ ટેસ્ટના ૪ પૈકી આજે ૧૬ કોરોના પોઝીટીવ કેસો નોંધાયા છે જેમાં દાહોદ અર્બનમાંથી ૧૦, ઝાલોદ ગ્રામ્યમાંથી ૧, ગરબાડામાંથી ૧, ધાનપુરમાંથી ૨ અને ફતેપુરામાંથી ૧ કેસોનો સમાવેશ થાય છે. આજે વધુ ૮ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસ ૧૮૨ સુધી પહોંચ્યા છે.

દાહોદ જીલ્લામાં બે અલગ અલગ સ્થળો એ લગ્નના ઈરાદે બે સગીર યુવતિના અપહરણ કરાતા ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં બે જુદી જુદી જગ્યાએથી બે સગીરાઓને લગ્ન કરવાની લાલચે બે યુવકો દ્વારા અપહરણ કરી લઈ ગયાના બનાવમાં જે તે પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

સગીરાના અપહરણનો પ્રથમ બનાવ ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે ગત તા.૨૫મી ઓક્ટોબરના રોજ બનવા પામ્યો હતો જેમાં ઝાલોદ તાલુકાના ટાડાગોળા ગામે રહેતો અર્પિત રમસુભાઈ મિનામાએ ઝાલોદ તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાને પટાવી, ફોસલાવી, પત્નિ તરીકે રાખવાના ઈરાદે અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના દુધીયા ગામે બનવા પામ્યો હતો. જેમાં દેવગઢ બારીઆ તાલુકાના ખાંડણીયા ગામે રહેતો અરવિંદભાઈ નાથુભાઈ કોળીએ ગત તા.૨૩મી નવેમ્બરના રોજ દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક ૧૨ વર્ષીય સગીરાને પટાવી, ફોસલાવી, પોતાની પત્નિ તરીકે રાખવા સારૂ સગીરાને તેના ઘરેથી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતાએ સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

દે.બારીઆના પગદંડી ગામે બાઈક ઉપર લઈ જવાતા ૩૭ હજારના દારૂનો જથ્થો ઝડપાયો

દાહોદ,

દેવગઢ બારીઆ તાલુકાના પગદંડી ગામે પોલીસની નાકાબંધી જોઈ એક મોટરસાઈકલનો ચાલક પોતાના કબજાની મોટરસાઈકલ સ્થળ પર મુકી નાસી જતાં પોલીસે મોટરસાઈકલ પાસેથી કંતાનના થેલામાં ભરી રાખેલ વિદેશી દારૂનો જથ્થો કિંમત રૂ.૩૭,૪૪૦ અને મોટરસાઈકલની કિંમત મળી કુલ રૂ.૭૭,૪૪૦નો મુદ્દામાલ જપ્ત કરી મોટરસાઈકલના ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કર્યાનું જાણવા મળે છે. ગત તા.૨૪મી નવેમ્બરના રોજ છોટાઉદેપુર જિલ્લામાં મીઠીબોર ગામે રહેતો રોહીત ઉર્ફે રૂષિયો ભલજીભાઈ રાઠવા પોતાના કબજાની મોટરસાઈકલ લઈ પગદંડી ગામેથી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન ત્યાં નાકાબંધીમાં ઉભેલ પોલીસ આવતાં જતાં તમામ નાના - મોટા વાહનોની તલાસી હાથ ધરતી હતી આ વેળાએ રોહીત પોલીસને જોઈ પોતાના કબજાની મોટરસાઈકલ સ્થળ પર મુકી નાસી જતાં પોલીસ મોટરસાઈકલને કબજે લઈ તેની નજીક પડેલ કંતાનના થેલામાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ.૨૮૮ કિંમત રૂ.૩૭,૪૪૦ અને મોટરસાઈકલની કિંમત મળી કુલ રૂ.૭૭,૪૪૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે.

નડિયાદમાં કોરોનાનો કેર વધતા રેપિડ ટેસ્ટ માટે લોકોની લાંબી લાઈનો લાગી

નડિયાદ,

ખેડા જિલ્લામાં સતત વધી રહેલ કોરોનાનું સંક્રમણ વહીવટી તંત્ર માટે પડકાર જનક બની રહ્યું છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ખેડા જિલ્લામાં ૨૯ પોઝિટિવ કેસ નોંધાયા. વળી શિયાળામાં કફ શરદી અને ખાંસીની ફરિયાદો વધતા પ્રજાજનોમાં પણ ભયનું વાતાવરણ નિર્માણ થયેલ છે. જનતા હોસ્પિટલમાં જતા ડરી રહી છે. બીજી તરફ નડિયાદ અને આસપાસના ગામોના કોરોનાનો કહેર વિસ્તરી રહ્યો છે. મહત્વનું છેકે, કોરોનાને પ્રથમ પગલે જ પકડી તેની સારવાર કરવામાં આવે તો દર્દીઓને ઘણી રાહત મળી રહે. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા નડિયાદમાં સંતરામ મંદિર બહાર ટેસ્ટિંગ સેન્ટર શરૂ કરવમાં આવ્યું છે. અહીં એન્ટિજન રેપીડ ટેસ્ટ કરાવવા લોકો એ લાઈનો લગાવી દીધી છે. જનતાની જાગરૂકતા અને તંત્રની મહેનત કોરોના ને કેટલો બેઅસર કરે છે તે જોવું રહ્યું.

ગરબાડાના પાટીયાઝોલના પુર પર ટ્રક ચાલકે સ્ટિયરીંગ પરથી કાબુ ગુમાવતા નદીમાં ખાબકી : સદ્નસીબે જાનહાનિ ટળી

ગરબાડા,

ગરબાડા તાલુકાના પાટીયાઝોલના પુલ પર તા.૨૪ ના રોજ બપોરે મધ્યપ્રદેશ તરફથી રૂ ભરીને દાહોદ તરફ જતી એક ટ્રક પુલ ઉપરથી પસાર થતી વેળાએ ડ્રાઈવરે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો. પુલની દિવાલ તોડી ટ્રક નદીમાં ખાબકી હતી. સદ્નસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. પરંતુ ચાલક અને કિલનરને ઈજાઓ થતાં ગરબાડા પોલીસે ૧૦૮ મારફતે બંનેને સારવાર માટે મોકલી આપ્યા હતા. પાટીયાઝોલ નદી પરના આ પુલ પર મસમોટા જોખમી વળાંકના કારણે અકસ્માતો બની રહ્યા છે. આ એમ લાગી રહ્યુ છે કે, ભવિષ્યમાં અહિંયા કોઈ મોટા અકસ્માતની ઘટના બની શકે છે. કારણ કે આ જ રસ્તો ગુજરાત અને મધ્યપ્રદેશને જોડતો મુખ્ય રસ્તો છે. અને અહિંથી ગુજરાત અને મધ્યપ્રદેશની એસ.ટી.બસો પણ મુસાફરો ભરીને પસાર થાય છે.

દે.બારીઆના પીપલોદ ગામે પૈસા મામલે ચાર ઈસમોએ ધિંગાણું મચાવતા એક વ્યકિત ઈજાગ્રસ્ત

દેવગઢ બારીઆ,

દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ ગામે ઉછીના આપેલા પૈસા મામલે થયેલ ઝઘડામાં ચાર જેટલા ઈસમોએ ભારે ધિંગાણુ મચાવી હાથમાં લોખંડની પાઈલ લઈ ઘસી આવી એક પરિવારના સદસ્યોને માર મારી ઈજાઓ પહોંચાડ્યાનું જાણવા મળે છે.

પીપલોદ ગામે માલગુણા ફળિયામાં રહેતા નવલભાઈ ભોદુભાઈ ડાયરા તથા તેમની પરિવારજનો ગતરોજ પોતાના મકાઈવાળા ખેતરમાં કામ કરી રહ્યા હતા. આ દરમ્યાન તેમના જ ગામમાં રહેતા લાલાભાઈ નાનાભાઈ વણકર, વિનોદભાઈ લાલાભાઈ વણકર, કાન્તાબેન લાલાભાઈ વણકર અને લાલાભાઈનો જમાઈ આ ચારેય જણા ત્યાં લાકડીઓ સાથે ઘસી આવ્યા હતા અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, મે તને ઉછીના વ્યાજવા પૈસા આપેલા હતા, તેનું વ્યાજ હજુ બાકી છે, તે લાવ તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ સાથે લાવેલ લોખંડની પાઈપ વડે નવલભાઈને તથા તેમના પરિવારજનોને માર મારી ભારે ધિંગાણું મચાવી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત નવલભાઈ ભોદુભાઈ ડાયરાએ આ સંબંધે દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

લીમખેડા એગ્રો સેન્ટરમાંથી બિનહિસાબી ખાતરનો જથ્થો ઝડપાયો

લીમખેડા,

લીમખેડા એગ્રો સેન્ટરમાંથી બિનહિસાબી ખાતરનો જથ્થો ઝડપાતા લીમખેડા ખેતીવાડી અધિકારીએ એગ્રો સેન્ટરના માલિક વિરૂદ્ધ લીમખેડા મથકમાં ફરિયાદ નોંધાવી હતી. લીમખેડા ખેતીવાડી અધિકારી મયંક ચૌહાણે લીમખેડા માર્કેટયાર્ડના શોપિંગ સેન્ટરમાં ચાલતા એગ્રો સેન્ટરમાં ઓચિંતી તપાસ હાથ ધરી હતી. એગ્રો સેન્ટરની દુકાનમાંથી બિનહિસાબી રાસાયણિક ખાતરનો જથ્થો ઝડપાયો હતો. જેથી અધિકારીએ બિલ તથા દસ્તાવેજો રજુ કરવા માટે એગ્રો સેન્ટરના માલિકને દિન-પમાં ખુલાસો કરવાની નોટીસ આપી હતી. પરંતુ સેન્ટરના માલિક દ્વારા સમયમર્યાદામાં નોટિસનો ખુલાસો કરાયો ન હતો. જેથી લીમખેડા ખેતીવાડી અધિકારી મયંક ચૌહાણે એગ્રો સેન્ટરના માલિક દિનેશ વાલજીભાઈ પટેલ વિરુદ્ધ આવશ્યક ચીજવસ્તુઓની ધારા ૧૯૫૫ના ખંડ-૩ની જોગવાઈ મુજબ કલમ ૩, ૫, ૯ અને ૮૮ ના ભંગ બદલ લીમખેડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

કોરોના સંક્રમણના બેફામ વધી રહેલા કેસો પર અંકુશ માટે નવી ગાઈડલાઈન

ન્યુ દિલ્હી,

કોરોના વાઈરસનું સંક્રમણ સંમગ્ર દેશમાં સતત વધી રહ્યું છે. આ વચ્ચે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે નવી ગાઈડલાઈન જાહેર કરી છે. ગૃહમંત્રાલયે મોનિટરિંગ, કંટ્રોલ અને સાવધાની માટે દિશા-નિર્દેશ જાહેર કર્યાં છે. સરકારની આ નવી ગાઈડલાઈન ડિસેમ્બર મહિનામાં અમલી રહેશે. આ ગાઈડલાઈન ૧લી ડિસેમ્બર થી ૩૧ ડિસેમ્બર સુધી લાગુ રહેશે.

ગૃહ મંત્રાલયે રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશોને સખ્તાઈથી કોરોના વાઈરસ સંક્રમણ અટકાવવાના ઉપાયો, જુદી-જુદી ગતિવિધિઓ પર એસઓપી અને ભીડને કંટ્રોલ કરવા માટે અનિવાર્ય ઉપાય કરવાનો નિર્દેશ આપ્યો છે.

આ સિવાય કંટેનમેન્ટ ઝોનમાં માત્ર આવશ્યક ગતિવિધિઓની મંજુરી આપી છે. એટલે કે કંટેનમેન્ટ ઝોનમાં સમગ્ર ડિસેમ્બરમાં પ્રતિબંધો લાગૂ રહેશે. સ્થિનિત જિલ્લા, પોલીસ અને નગરપાલિકા અધિકારીઓ તે સુનિશ્ચિત કરવા માટે જવાબદાર હશે કે નિર્ધારિત કંટેનમેન્ટ ઉપાયોનું સખ્તાઈથી પાલન કરવામાં આવે અને રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશ સરકાર સંબંધિત અધિકારીઓની જવાબદારી સુનિશ્ચિત કરશે.

સરકારનું ધ્યાન કોરોના સંક્રમણ પર મેળવવામાં આવેલા કાબૂને મજબૂત કરવાનું છે. હાલમાં જ કેટલાંક રાજ્યોમાં કોરોનાના કેસમાં વધારો થવાને કારણે સાવચેતી જાળવવા પર ભાર મુકવામાં આવ્યો. ગૃહ મંત્રાલયે કહ્યું કે, કોરોના મહામારીની સ્થિતિના પોતાના આકલનના આધાર પર રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ માત્ર પ્રતિબંધિત વિસ્તારમાં નાઈટ કરફ્યૂ જેવા સ્થાનિક પ્રતિબંધો લગાવી શકે છે.

સરકારના દિશા-નિર્દેશો પ્રમાણે સર્વિલન્સ ટીમ ઘરે-ઘરે જઈને નજર રાખશે અને કોરોના દર્દીઓના ઉપચાર સુવિધાઓની સાથે તાત્કાલિક આઈસોલેશન સુનિશ્ચિત કરવામાં આવશે. જ્યારે આરોગ્ય સેતુ મોબાઈલ એપના ઉપયોગ વધે તે માટેના પ્રયાસો કરશે. ૬૫ વર્ષથી વધારેની ઉંમરના વ્યક્તિઓ, ગર્ભવતિ મહિલાઓ અને ૧૦ વર્ષથી નાના બાળકોને ઘરમાં જ રહેવાની સલાહ આપવામાં આવી છે.

ઈન્ટર સ્ટેટ અને ઈન્ટ્રા સ્ટેટ મુવમેન્ટ પર કોઈ પ્રતિબંધો લગાવવામાં આવ્યા નથી. આવી મુવમેન્ટ માટે કોઈ પણ પ્રકારની મંજુરી લેવાની જરૂર નહી હોય.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 80

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

ઘોઘંબા તાલુકાના દાઉદ્રા ગામે ગામ તળની જમીનમાં

ગેરકાયદેસર ઊભું કરેલ દબાણ દુર કરવા મામલતદારને ગ્રામજનો દ્વારા મામલતદારને રજૂઆત

તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

- ગામ તળની જમીનમાં દબાણ કરવા ખોટી દિશામાં મકાન બાંધ્યા.
- આ ઈસમો ગ્રામ પંચાયત વિસ્તારના વિકાસના કામો અડચણ ઉભી કરતાં હોવાની ગ્રામજનોની રજુઆત.

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના દાઉદ્રા ગામે ચૌહાણ ફળીયામાં ગ્રામ પંચાયત હસ્તકની ગામતળની જમીનમાં ગેરકાયદેસર રીતે બાંધકામ કરીને દબાણ કરવામાં આવ્યું હોય આવા ગેરકાયદેસર દબાણને દુર કરવા માટે સરપંચ દ્વારા ઘોઘંબા મામલતદારને લેખિત રજુઆત કરવામાં આવી.

ઘોઘંબા તાલુકાના દાઉદ્રા ગામે ચૌહાણ ફળીયામાં રહેતા અજીતસિંહ નરવતસિંહ અને મનહરસિંહ નરવતસિંહ એ સરકારી ગ્રામ પંચાયત હસ્તકની ગામતળની જમીનમાં ગેરકાયદેસર કબ્જે કરવા ઈરાદો કરેલ હોય જેથી દાઉદ્રા ગામના તમામ મકાનો પૂર્વ થી પશ્ચિમ દિશામાં બાંધેલ છે. તેમ છતાં આ બન્ને વ્યકિતઓએ પોતાના મકાન ઉતર થી દક્ષિણ તરફ બાંધેલ છે. જેથી ગ્રામ પંચાયત દ્વારા જાહેર વપરાશ માટે રાખેલ જમીનમાં દબાણ કરેલ છે. આ બાંધકામ વાળા મકાન થી ૧૦ ફુટના અંતરે સાર્વજનિક કુવા આવેલ છે. અને આ કુવાનું પાણી ગ્રામજનો માટે પીવાના સ્ત્રોત તરીકે ઉપયોગ થાય છે. ત્યારે આ ઈસમો દ્વારા ૧૦ ફુટના અંતરે શૌચાલય અને શોષખાડો પણ બનાવ્યો હોવાની હાલ કુવાનું પાણી પીવા લાયક વપરાશમાં આવતું નથી. પીવાના પાણીના સ્ત્રોત નજીક શોષકુવા બનાવવાથી કુવાનું પાણી પીવાથી લોકોના આરોગ્ય ને નુકશાન થાય તેમ છે.

આ ઉપરાંત જોરાપુરા (દાઉદ્રા) ગ્રામ પંચાયત ગામમાં મોરીયા ડુંગર થી આવતા ડામર રોડ અજીતસિંહ નરવતસિંહ અને તેમના ભાઈના ખેતર માંથી પસાર થાય છે. આ મુખ્ય રસ્તાની બાજુમાં વડનું ઝાડ નડતરરૂપ છે. જેને લઈ આ રસ્તો બનાવવાની કામગીરીમાં મુશ્કેલી ઉભી થાય છે. ગ્રામ પંચાયતના સરપંચ તેમજ ગ્રામજનો દ્વારા આ વડના ઝાડને પાડવા માટે અવારનવાર કહેવા ગયેલા હતા. તેમ છતાં વડની ઝાડ પાડવા કે પાડવા દેવા તૈયાર થતા નથી. આ બન્ને ઈસમો દ્વારા ગામના વિકાસના કામોમાં અડચણ ઉભી કરતા હોય છે. જેને લઈ ગ્રામ પંચાયતના સરપંચ, ડે.સરપંચ અને ગ્રામજનો દ્વારા ઘોઘંબા તાલુકા મામલતદારને ગ્રામજનોના હિતમાં અસરકારક પગલાં ભરવા અને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણના નવા ૨૭ કેસો નોંધાયા

- ૦૫ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા અપાઈ.
- સક્રિય દર્દીઓનો આંક ૨૦૩ થયો.
- કુલ કેસનો આંક ૨૦૩એ પહોંચ્યો.
- કોરોનાને પછડાટ આપી ૨૭૮૪ દર્દીઓ સાજા થયા.

ગોધરા, પંચમહાલ જિલ્લામાં આજે કોવિડ-૧૯ સંક્રમણના ૨૭ નવા કેસ મળી આવતા સંક્રમણના કુલ કેસની સંખ્યા ૩૧૦૮ થવા પામી છે. ૦૫ દર્દીઓને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતા હાલની સ્થિતિએ જિલ્લામાં સક્રિય દર્દીઓ ૨૦૩ રહ્યા છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. નવા મળી આવેલા કેસોમાંથી શહેરી વિસ્તારોમાંથી ૧૯ કેસો મળી આવ્યા છે. જે પૈકી ગોધરામાંથી ૧૨, હાલોલમાંથી ૦૩ કેસ અને કાલોલમાંથી ૦૪ કેસ મળી આવ્યા છે. શહેરી વિસ્તારોમાં સંક્રમણના કુલ ૨૨૬૨ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી આજે ૦૮ કેસ મળી આવ્યા છે. ગોધરા ગ્રામ્યમાંથી ૦૨ કેસ, હાલોલ ગ્રામ્યમાંથી ૦૩, કાલોલ ગ્રામ્યમાંથી ૦૧, શહેરા ગ્રામ્યમાંથી ૦૧ અને મોરવા હડફમાંથી ૦૧ કેસ મળી આવ્યા છે. આ સાથે જ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી મળી આવેલ કેસોની સંખ્યા ૮૪૬ થવા પામી છે. સારવાર બાદ સાજા થતા આજે કુલ ૦૫ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ સાથે હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૨૭૮૪ થવા પામી છે. જિલ્લામાં કોરોનાના સક્રિય કેસોની સંખ્યા ૨૦૩ થઈ છે, જેમની સારવાર ચાલી રહી છે.

રાજ્યમાં સ્વસ્થ યુવાઓને પસંદ કરી તેમના પર કોરોના વેક્સીનની ટ્રાયલ કરાશે: નીતિન પટેલ

અમદાવાદ, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આજે અમદાવાદની કિડની હોસ્પિટલની મુલાકાત કરી હતી. અમદાવાદમાં ગઈકાલે આવેલી કોરોના વેક્સીન વિશે નીતિન પટેલે કહ્યું કે, ભારત સરકારના આરોગ્ય વિભાગના સહયોગથી સ્વદેશી વેક્સીન માટેની કાર્યવાહી ચાલી રહી છે. જુદા જુદા રાજ્યોની મોટી હોસ્પિટલમાં ટ્રાયલ માટે વેક્સીન મોકલાવામાં આવી છે. ગુજરાતમાં પણ સ્વસ્થ અને યુવા નાગરિકો પસંદ કરી તેમના પર ટ્રાયલ કરાશે. મહિનામાં બે ડોઝ આપી તેમને નિરીક્ષણ હેઠળ રખાશે. હાલ ગુજરાત પાસે ૫૦૦ વેક્સીનના ડોઝ પાસે છે. સાથે ડોક્ટરની ટીમ પણ આવી છે. જે ગુજરાતના તબીબોને વેક્સીન આપવાની ટ્રેનિંગ આપશે. સ્વંયસેવકોનું લિસ્ટ પણ તૈયાર થયું છે. વેક્સીન લેનારાઓના ઘરે તેમની તબિયત અંગે કાળજી લેવામાં આવશે. એક વર્ષ સુધી વેક્સીનની ટ્રાયલ ચાલશે. અમદાવાદની સોલા સિવિલ ખાતે હાલ ટ્રેનીંગ ચાલી રહી છે. ટ્રાયલ માટે હેલ્થ વર્કરોને પણ જરૂર પડે તો સાંકળવામાં આવશે. વેક્સીનની ટ્રાયલ માટે સોલા સિવિલની પસંદગી થઈ એ આપણા માટે ગૌરવની વાત છે. ગુજરાત પણ કોરોનાની વેક્સીન શોધવાની ભૂમિકામાં સામેલ છે. કોરાના સિવાયના દર્દીઓ માટે પણ સરકાર ચિંતિત છે અને તમામની સારવાર ચાલી રહી છે. સરકારી હોસ્પિટલમાં ૮૦ હજાર દર્દીઓની ઓપીડી ચાલુ છે.

મીડિયા સંબોધનમાં તેઓએ કોંગ્રેસના નેતા અહમદ પટેલના નિધન પર શ્રદ્ધાંજલિ વ્યક્ત કરીને કહ્યું હતું કે, અહમદ પટેલ કોંગ્રેસના અગ્રણી નેતા હતા. તેઓ મૃદૂ ભાષી અને મળતાવડા સ્વભાવના હતા. દરેક સાથે હળી મળીને કામ કરવાની પ્રકૃતિવાળા હતા. અગાઉ પણ તેમની તબીયત નાદુરસ્ત થઈ હતી અને હૃદયની સર્જરી કરાવવી પડી હતી. ગુજરાત અને દેશે એક સમાજ સેવક અને અગ્રણી નેતા ગુમાવ્યા છે. સ્વ અહમદભાઈને શ્રધ્ધાંજલિ આપુ છું અને તેમના પરિવારને સાંત્વના પાઠવું છુ.

ગોધરા તાલુકાના જીતપુરા ગામના ૨૪ વર્ષીય યુવાન ઘરે કહ્યા વગર નીકળી ગુમ થતાં ફરિયાદ

ગોધરા, ગોધરા તાલુકાના જીતપુરા ગામે રહેતા ૨૪ વર્ષીય યુવાન ઘરના વ્યકિતઓને કં ઈ પણ બહ્યા વગર કયાંક ચાલ્યા જઈ ગુમ થયાની ફરિયાદ વેજલપુર પોલીસ મથકે નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના જીતપુરા ગામે રહેતા સચીનકુમાર ભુપેન્દ્રસિંહ ઠાકોર ઉ.વ.૨૪ જે ૨૩ નવેમ્બરના રોજ પોતાના ઘરે કંઈ કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયેલ હોય અને ઘરે પાછા નહીં આવી કયાંક ગુમ થતાં આ બાબતે વેજલપુર પોલીસ મથકે ગુમ થયાની ફરિયાદ નોંધાવા પામી છે.

કાલોલના પરૂણા ગામે જુની માટીની દિવાલ પડતા દબાઈ ગયેલ ૩૩ વર્ષીય યુવાનનું મોત

કાલોલ, કાલોલ તાલુકાના પરૂણા ગામે જુના માટીનું મકાન તોડી રહ્યા હતા. ત્યારે માટીની દિવાલ નજીક ૩૩ વર્ષીય યુવાન ઊભો હતો. દરમ્યાન દિવાલ પડતા દિવાલ નીચે દબાઈ જતાં બહાર કાઢી સારવાર અર્થે લઈ જતાં રસ્તામાં મોત નિપજાવા પામ્યું હતું. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના પરૂણ ગામે નિશાળ ફળીયામાં રહેતા અભેસિંહના જુનુ માટીનું મકાન તોડવામાં આવી રહ્યું હતું. ત્યારે માટીની દિવાલ નજીક છત્રસિંહ મંગળસિંહ રાઠોડ ઉ.વ.૩૩ ઉભા હતા. તે સમયે અકસ્માતે જુની માટીની દિવાલ નીચે છત્રસિંહ રાઠોડ દબાઈ ગયા હતા. દિવાલ નીચે દબાઈ ગયેલ ૩૩ વર્ષીય યુવાનને બહાર કાઢી સારવાર અર્થે દવાખાનામાં લઈ જવાતા હતા. દરમ્યાન રસ્તામાં મોત નિપજાવા પામ્યું. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

૬૦૦ કરોડની જમીન પચાવી પાડવાના ગુનામાં સોલા પોલીસે બિલ્ડર રમણ પટેલની ધરપકડ કરી

અમદાવાદ, એસજી હાઈવે પર થલતેજની ૬૦૦ કરોડની જમીન પચાવી પાડવાના ગુનામાં સોલા પોલીસે પોપ્યુલર ગ્રૂપના બિલ્ડર રમણ પટેલની આજે ધરપકડ કરી છે. અગાઉ વસ્ત્રાપુર પોલીસે છેતરપિંડીના બે ગુનામાં ધરપકડ બાદ બંને ભાઈઓને સાબરમતી જેલમાં મોકલી આપ્યા હતા. આજે સોલા પોલીસે સાબરમતી જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે રમણ પટેલની ધરપકડ કરી છે.

આ અંગેની વિગત એવી છે કે થલતેજ ગામમાં રહેતા બાબુજી ઠાકોર અને તેમના પરિવારના સભ્યોની રૂ. ૬૦૦ કરોડ રૂપિયાની જમીન એસજી હાઈવે પર થલતેજ ગામની સીમમાં આવેલી છે. આ જમીન રમણ પટેલ અને દશરથ પટેલે નકલી પાવર-બાનાખત અને વેચાણ દસ્તાવેજના આધારે આ જમીન પચાવી પાડી હતી. આ જમીન રમણ પટેલે ૧૯૯૩-૯૪ના વર્ષમાં પરિવારના સભ્યોની સોમેશ્વર દર્શન ખેતી સહકારી મંડળીના નામે કરી દીધી હતી. ત્યારબાદ ૨૦૧૫માં આ જ જમીન તેમના પારિવારિક મિત્ર સંદીપ પ્રજાપતિની સોમેશ્વર દર્શન કો.ઓ.હા.સો.લી.ખેતી સહકારી મંડળીના નામે કરી દીધી હતી.

કોરોના સંક્રમણ રોકવા શામળાજી મંદિર ચાર દિવસ બંધ રહેશે



શામળાજી, દેશભરમાં છેલ્લા કેટલાક દિવસથી કોરોનાએ તેનો કહેર મચાવી રાખ્યો છે. જ્યારે સરકાર દ્વારા અનેક નિર્ણયો લેવામાં આવી રહ્યા છે અને લોકોને અપીલ કરવામાં આવી રહી છે કે માસ્ક પહેરો અને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરો. આ સિવાય રાજ્યમાં અનેક મંદિરો પણ બંધ રાખાવમાં આવ્યા છે. ત્યારે હવે ગુજરાતનું યાત્રાધામ શામળાજી મંદિર ૪ દિવસ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

વધતા કોરોના સંક્રમણ વચ્ચે યાત્રાધામ શામળાજી મંદિર બંધ રાખવા માટે નિર્ણય લેવામાં આવ્યો છે. તારીખ ૨૭થી ૩૦ નવેમ્બર સુધી મંદિર બંધ રાખવામાં આવશે આ સિવાય સૌથી મોટો ગણાતો કાર્તિક મેળો પણ રદ કરવામાં આવ્યો હતો. જ્યારે હવે ૪ દિવસ મંદિર પણ બંધ રહેશે. જેથી ભક્તો દર્શન કરી શકશે નહીં. આ સિવાય બંધ મંદિરે ભગવાનનો નિત્યક્રમ થશે.

ખાનપુરમાં ચાલુ સ્કુલે મુખ્ય શિક્ષક ખુરશી પરથી અચાનક ઢળી પડતા મોતને ભેટ્યા

ખાનપુર, મહિસાગર જિલ્લામાં ચાલુ સ્કુલ દરમ્યાન પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકનું હાર્ટ એટેકથી મોત થયું છે. ખાનપુર તાલુકાના રૂઝડા પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકનું હાર્ટ એટેકથી મોત થતા શોકની લાગણી ફરી વળી છે. પટેલ બાબુભાઈ હીરાભાઈનું ચાલુ શાળાએ મોત થયું છે.

આ અંગેની વિગતો એવી છે કે, શિક્ષક બાબુભાઈ સ્કુલે આવી ખુરશી પર બેઠા હતા અને અચાનક ઢળી પડ્યા હતા. તેમજ તેમનું મોત થઈ ગયું હતું. તેમના મોતને પગલે શિક્ષક આલમમાં ઘેરા શોકની લાગણી ફરી વળી છે.

ગુજરાત હાઈકોર્ટમાં ૧૨મી ડિસેમ્બરના રોજ ઈ-લોક અદાલત યોજાશે



અમદાવાદ, કોરોનાકાળ વચ્ચે ગુજરાત હાઈકોર્ટમાં ૧૨મી ડિસેમ્બરના રોજ ઈ-લોક અદાલત યોજાશે. નેશનલ લોક અદાલત યોજવા મુડેની તમામ જીંનું પાલન કરવામાં આવશે. નેશનલ ઈન્સ્ટુમેન્ટ એકટ, નાણાકીય રિકવરીના કેસ, વળતર અને લેબર વિવાદને લગતા સહિત ૧૩ પ્રકારના કેસો પર લોક અદાલતમાં સુનાવણી હાથ ધરવામાં આવશે.

ગુજરાત હાઈકોર્ટમાં યોજવનાર ઈ-લોક અદાલતમાં ભાગ લેનાર પક્ષકારોએ પમી ડિસેમ્બર પહેલા ઈમેલ મારફતે હાઈકોર્ટ લીગલ સર્વિસ કમિટીનો સંપર્ક કરવાનો રહેશે. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિકર્મનાથ અને જસ્ટિસ આર.એમ છાયાના માર્ગ દર્શન હેઠળ લોક અદાલત યોજાશે. ઓનલાઈન માધ્યમથી કેસની સુનાવની હાથ ધરવામાં આવશે. લોક અદાલત સમક્ષ સમાધાનના કિસ્સામાં બંને પાર્ટી કોર્ટ રિફંડ મેળવવા હકદાર રહેશે. ઈ-લોક અદાલતને લગતી તમામ કેસનું ડિજિટલ રેકોર્ડ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે.

કોરોનાકાળમાં અગાઉ પણ સપ્ટેમ્બર મહિનામાં યોજાયેલી ઈ-લૉક અદાલતમાં ૧૦ હજાર જેટલા કેસનો નિકાલ કરવામાં આવ્યો હતો. ઈન્શ્યોરન્સ કંપની અને કેટલાક સરકારને લગતા કેસોમાં ૧૯૧ કરોડ રૂપિયાનું સમાધાન થયું હતું. અમદાવાદ મેટ્રો કોર્ટમાં સૌથી વધુ ૧૧૮૮ કેસનો નિકાલ કરવામાં આવ્યો હતો.જયારે અમદાવાદ મિર્ઝાપુર ગ્રામ્ય કોર્ટમાં ૧૩૬૧ કેસ સમાધાન માટે મુકવામાં આવ્યા હતા જે પૈકી ૪૩૩ જેટલો કેસનો નિકાલ કરવામાં આવ્યો છે. મોટાભાગના કેસ વાહન અકસ્માત વીમાના હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

ગાંધીનગરમાં ઈન્ફોસિટી પાસે બે જૂથ વચ્ચે મારામારી: ૨૪ વર્ષીય યુવકનું મોત

ગાંધીનગર, રાજ્યના પાટનગર ગાંધીનગરમાં હત્યાનો બનાવ સામે આવ્યો છે. મોડી રાત્રે થયેલી મારામારીમાં એક ૨૪ વર્ષીય યુવકનું મોત થયું છે, જ્યારે એક યુવક ઈજાગ્રસ્ત થયો છે. હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા યુવકની હાલ હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. હુમલાના સીટીટીવી દ્રશ્યો પણ સામે આવ્યા છે. જેમાં જોઈ શકાય છે કે યુવકો વચ્ચે મારામારી થઈ રહી છે.

મળતી માહિતી પ્રમાણે મારામારીમાં કેતનસિંહ પૃથ્વીસિંહ ગોહિલ (ઉં.વ. ૨૪) પર છાતીના ભાગે તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરતા તેનું મોત થયું છે. જ્યારે અભિમન્યુસિંહ મહેન્દ્રસિંહ રાઠોડને શરીરનાં પાછળના ભાગે તીક્ષ્ણ હથિયાર ભોંકી દેવાયું હતું. આ ઉપરાંત તેને આંગળી અને મોઢાના ભાગે પણ ગંભીર ઈજાઓ થતાં અમદાવાદ સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે.

આ મળતી માહિતી પ્રમાણે ગાંધીનગરમાં ઈન્ફોસિટી વિસ્તારમાં અપના અડ્ડા રેસ્ટોરન્ટ પાસે એક યુવકની હત્યા થઈ છે. યુવકો વચ્ચે મારામારી થઈ હતી. મારામારી કયા મુદ્દે થઈ હતી તે જાણવા મળ્યું નથી. આ મામલે પોલીસે વધારે તપાસ શરૂ કરી છે.

આ મામલે નિવેદન આપતા ગાંધીનગર ડીવાયએસપી એમ.કે.રાણાએ જણાવ્યું હતું કે, "ઈન્ફોસિટી પાસે રિલાયન્સ ચોકડી પાસે ઓનેસ્ટ અને અપના અડ્ડા પાસે એક યુવકની હત્યા થઈ છે. જ્યારે એક યુવક ગંભીર હાલતમાં ઘાયલ થયો છે. યુવકો યુવકો વચ્ચે થયેલા ઝઘડામાં તીક્ષ્ણ હથિયારથી હુમલો કરવામાં આવ્યો હતો. આ મામલે પોલીસ આગળની તપાસ કરી રહી છે. આરોપીને પકડવા માટે તજવીજ શરૂ કરવામાં આવી છે. આ મામલે ગુનો નોંધીને પોલીસ, એલસીબી અને એસઓજી ટીમ તપાસ કરી રહી છે."

ભાવનગરમાં વહેલી સવારે ભૂકંપના બે આંચકાથી લોકોમાં ફફડાટ

ભાવનગર, ભાવનગરમાં વહેલી સવારે ૪ વાગ્યે ભૂકંપના બે આંચકા અનુભવાયા હતા. ૪ વાગ્યે ૨ની તીવ્રતાનો એક આંચકો અને બીજો ૪.૦૨ વાગ્યે ૨ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપના આંચકાથી લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ૪ વાગ્યે આંચકો અનુભવાયો હતો તેનું કેન્દ્રબિંદુ ભાવનગરથી ૪૬ કિલોમીટર દૂર દરિયામાં નોંધાયું હતું. જ્યારે ૪.૦૨ વાગ્યે અનુભવાયેલા ભૂકંપના આંચકાનું કેન્દ્રબિંદુ ભાવનગરથી ૪૪ કિલોમીટર દૂર દરિયામાં નોંધાયું હતું. સૌરાષ્ટ્રમાં ભૂકંપના આંચકા અવારનવાર અનુભવાય રહ્યા છે. ત્યારે રાજકોટમાં ૩ મહિના પહેલા ભૂકંપના ત્રણ આંચકા અનુભવાયા હતા. જેમાં પહેલો આંચકો સવારે ૧૧.૩૧ વાગે ૧.૫ની તીવ્રતાનો, બીજો આંચકો બપોરના ૧.૩૬ વાગે ૧.૬ની તીવ્રતાનો અને સાંજે ૭.૦૮ વાગે ૧.૪ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જો કે આ આંચકાથી કોઈ જાનહાનિ કે નુકસાન પહોંચ્યું નહોતું. ભૂકંપનું એપી સેન્ટર રાજકોટથી ૨૭ કિમી દૂર નોંધાયું હતું.